પેજ 3

પૂનમ પાંડેએ બેબી બમ્પ સાથે તસવીરો શેર કરી, યુઝર્સે તેને નૌટંકી ગણાવી

મુંબઈ, તા. 31 : એક્ટ્રેસ પૂનમ પાંડેએ પોતાની પ્રેગ્નન્સીની જાહેરાત કરીને એકવાર ફરી ઇન્ટરનેટ પર હલચલ મચાવી દીધી છે. ઘણા નેટિઝન્સ અટકળો લગાવી રહ્યા છે કે, આ એક પબ્લિસિટી સ્ટંટ હોઈ શકે છે. પૂનમે મંગળવારે ઇન્સ્ટાગ્રામ પર પોતાની બે તસવીરો શેર કરી. પહેલી તસવીરમાં તે પોતાની ટી-શર્ટ ઉપર કરીને પોતાનો બેબી બમ્પ બતાવી રહી છે, જ્યારે બીજી તસવીરમાં તે ટી-શર્ટ નીચે કરીને કેમેરા સામે પોતાનો બેબી બમ્પ બતાવી રહી છે. જોકે, લોકોને હજી પણ વિશ્વાસ નથી થઈ રહ્યો કે પૂનમ પ્રેગ્નેન્ટ છે. સૂત્રોએ જણાવ્યું છે કે, આ એપ્રિલ ફૂલની મજાક હોઈ શકે છે.

મલાઇકા અરોરા હર્ષ મહેતા સાથે રાજસ્થાનના મંદિરે પહોંચતા નવી ચર્ચાઓ તેજ

મુંબઈ, તા. 31 : અર્જુન કપૂર સાથેના બ્રેકઅપ બાદ મલાઇકા અરોરાનું અંગત જીવન સતત ચર્ચામાં રહ્યું છે. હવે ફરી એકવાર અભિનેત્રીની સોશિયલ મીડિયા પર હર્ષ મહેતા સાથે રાજસ્થાનમાં મંદિરની મુલાકાતની તસવીરો સામે આવ્યા બાદ ચર્ચાઓ તેજ બની છે, જેનાથી તેના રિલેશનશિપ સ્ટેટસને લઈને નવી અટકળો વહેતી થઈ છે. મલાઇકાએ રવિવારે હર્ષ મહેતા સાથે રાજસ્થાનમાં આદિનાથ જૈન મંદિરની મુલાકાત લીધી હતી. આ આધ્યાત્મિક મુલાકાત માટે તેણે સાદો લુક રાખ્યો હતો. મલાઇકાએ સફેદ રંગનો કુર્તો પસંદ કર્યો હતો, જ્યારે હર્ષ વાદળી રંગના શર્ટમાં જોવા મળ્યો હતો. મંદિર પરિસરમાં ભીડને નિયંત્રિત કરવા અને વ્યવસ્થા જાળવવા માટે સત્તાવાળાઓ હસ્તક્ષેપ કરે તે પહેલાં આ જોડીએ ત્યાં એકઠા થયેલા સ્થાનિક લોકો અને ચાહકો સાથે સેલ્ફી પડાવી હતી.

બ્રાઝિલના વિમાનમાં અદ્ધર આકાશે એન્જિનમાં ધડાકા સાથે આગ લાગી

આશરે 4,500 ફૂટની ઊંચાઈએ એન્જિનમાં ધડાકા સાથે આગ લાગી, પાયલોટે ઇમરજન્સી લેન્ડિંગ કર્યું, તમામ મુસાફરોનો આબાદ બચાવ

બ્રાઝિલિયા, તા. 31: બ્રાઝિલના સાઓ પાઉલો એરપોર્ટ પરથી ટેક-ઓફ કરતી વખતે ડેલ્ટા એરલાઇન્સની ફ્લાઇટ ડીએલ 104ના ડાબા એન્જિનમાં અચાનક આગ ફાટી નીકળતા મુસાફરોમાં ભારે ગભરાટ ફેલાયો હતો. આ પ્લેન એટલાન્ટા જઈ રહ્યું હતું અને તેમાં 272 મુસાફરો તથા 14 ક્રૂ મેમ્બર સવાર હતા. એરબસ એ330-300ના એન્જિનમાંથી આગની જ્વાળાઓ નીકળતા પાયલોટે તાત્કાલિક 'મે-ડે' જાહેર કરી ઇમરજન્સી લેન્ડિંગ કર્યું હતું. પ્લેન આશરે 4,500 ફૂટની ઊંચાઈએ હતું ત્યારે આ યાંત્રિક ખામી સર્જાઈ હતી. એરપોર્ટ પર વિમાન લેન્ડ થતાં જ ફાયર ફાઇટરો દ્વારા આગ બુઝાવવામાં આવી હતી અને તમામ મુસાફરોને બસ દ્વારા ટર્મિનલ પર લાવવામાં આવ્યા હતા. સદનસીબે, આ દુર્ઘટનામાં કોઈને ઈજા થઈ નથી. એરલાઇન્સે આ મામલે માફી માગી છે અને તપાસ શરૂ કરી છે. વિમાનના એક મુસાફરે જોરદાર ધડાકા સાથે એન્જિનમાં લાગેલી આગની ઘટનાને પોતાના મોબાઇલમાં શૂટ કરેલો વીડિયો શેર કર્યો.

ઈન્ડોનેશિયાના સમુદ્રમાં હોડી ડૂબ્યા પછી તરાપાના સહારે રહેલા 21ને બચાવાયા

હોડી જ્યાં ડૂબી તેનાથી 46 કિમી દૂર એક તરાપા પર આ 21 લોકો ઇન્ડોનેશિયન બચાવકર્મીઓને મળ્યા

પાલૂ, તા. ૩૧ (AP) ઈન્ડોનેશિયાની સર્ચ ટીમોએ મંગળવારે સવારે એક તરાપા પરથી ૨૧ લોકોને બચાવ્યા હતા, જેમનું જહાજ એક દિવસ પહેલા તોફાની સમુદ્રમાં ડૂબી ગયું હતું.

પાલૂ શહેરની સર્ચ એન્ડ રેસ્ક્યુ ઓફિસના વડા મુહમ્મદ રિઝલે જણાવ્યું હતું કે, જહાજ પર સવાર તમામ લોકો સુરક્ષિત મળી આવ્યા છે. અધિકારીઓએ અગાઉ ૨૭ લોકો ગુમ હોવાના અહેવાલ આપ્યા હતા, પરંતુ બચી ગયેલા લોકોએ જણાવ્યું હતું કે યાદી પર નોંધાયેલા છ લોકોએ તેમની મુસાફરીમાં જોડાવાની યોજના રદ કરી હતી.

બચાવકર્મીઓને બચી ગયેલા લોકો, જેમાં મોટે ભાગે માછીમારીના ક્રૂ હતા, તેઓ તાલીઆબુ ટાપુના ઉત્તરીય જળવિસ્તારમાં જ્યાં હોડી ડૂબી હતી ત્યાંથી લગભગ ૪૬ કિલોમીટર દૂર એક તરાપા પર મળી આવ્યા હતા.

રિઝલે જણાવ્યું હતું કે, 'નાઝિલા ૦૫' નામની આ હોડી રવિવારે સંધ્યાકાળ પછી ઉત્તર માલુકુ પ્રાંતના તાલીઆબુ ટાપુ પરના બંદરથી ઉત્તર સુલાવેસી પ્રાંતના કેમા જવા રવાના થઈ હતી.

રિઝલે કહ્યું કે 'નાઝિલા ૦૫'નો ઉપયોગ અવારનવાર પ્રવાસીઓને લાવવા-લઈ જવા માટે કરવામાં આવતો હતો અને તે સ્થાનિક સ્તરે માછીમારી અથવા નાની પેસેન્જર બોટ તરીકે પણ જાણીતી હતી.

રિઝલે જણાવ્યું હતું કે, નાઝિલા ૦૫ના માલિકે સત્તાવાળાઓને જણાવ્યું હતું કે બોટના કેપ્ટને અહેવાલ આપ્યો હતો કે, ખરાબ હવામાન દરમિયાન ઊંચા મોજાંઓને કારણે બોટનો આગળનો ભાગ તૂટી ગયા બાદ જહાજ ડૂબી ગયું હતું અને જહાજ ડૂબે તે પહેલા તમામ ક્રૂ સભ્યો એક લાંબી બોટમાં ચઢવામાં સફળ રહ્યા હતા.

બાકી ટેક્સ મામલે દિવંગત મુખ્યમંત્રી જયલલિતાનું હૈદરાબાદનું ઘર જપ્ત

કેરટેકર્સ તરફથી કોઈ પ્રતિસાદ ન મળતાં આ કાર્યવાહી કરવામાં આવી : અધિકારી

હૈદરાબાદ, તા. 31 (PTI) : ગ્રેટર હૈદરાબાદ મ્યુનિસિપલ કોર્પોરેશન (જીએચએમસી) દ્વારા પ્રોપર્ટી ટેક્સની બાકી રકમ ન ચૂકવવા બદલ તમિલનાડુના દિવંગત મુખ્યમંત્રી જે. જયલલિતાની માલિકીની અહીં આવેલી એક રહેણાક ઇમારતને થોડા સમય માટે જપ્ત કરવામાં આવી હતી. જોકે, કેરટેકર્સ દ્વારા બાકી લેણાં ચૂકવવાની ખાતરી આપ્યા બાદ મંગળવારે તેને મુક્ત કરવામાં આવી હતી. એક અધિકારીએ જણાવ્યું હતું કે, હૈદરાબાદના શ્રીનગર કોલોનીમાં આવેલી આ જી+4 (ગ્રાઉન્ડ પ્લસ ચાર માળ)ની ઇમારતને સોમવારે જીએચએમસીના અધિકારીઓ દ્વારા જપ્ત કરવામાં આવી હતી. વર્ષ 2017થી બાકી રહેલા ટેક્સના મામલે અનેક નોટિસો આપવા છતાં કેરટેકર્સ તરફથી કોઈ પ્રતિસાદ ન મળતાં આ કાર્યવાહી કરવામાં આવી હતી.

અધિકારીએ કહ્યું હતું કે, "અમે પ્રોપર્ટી ટેક્સની બાકી રકમની ચુકવણી માટે નોટિસો પાઠવી હતી અને ઘણી વખત રૂબરૂ મુલાકાત પણ લીધી હતી. કોઈ વિકલ્પ ન બચતા આખરે નિયમો મુજબ અમારે તેને જપ્ત કરવી પડી હતી."

જીએચએમસી દ્વારા બાકી પ્રોપર્ટી ટેક્સ પર વ્યાજમાં 90 ટકાની છૂટ આપ્યા બાદ, ચૂકવવાપાત્ર ટેક્સની રકમ રૂ. 82 લાખથી વધુ થતી હતી. કેરટેકર્સ દ્વારા 'વેકેન્સી રેમિશન' (ખાલી મિલકત પર મળતી માફી)ની માંગ કરવામાં આવી છે. કારણ કે, જયલલિતાના નિધન (2016) બાદ આ ઇમારત ખાલી પડી હતી. વેકેન્સી રેમિશનની વિનંતી (જે પ્રોપર્ટી ટેક્સમાં રાહત આપે છે) સ્વીકારવામાં આવી છે.

પિતરાઈ સાથે લગ્નની માગ સાથે યુવાન 'શોલે' સ્ટાઈલમાં મોબાઈલ ટાવર પર ચઢ્યો

યુવતીના પરિવારે પાલના લગ્ન પ્રસ્તાવને ફગાવી દીધો

શાહજહાંપુર (UP), તા. 31 (PTI): પોતાની મામાની દીકરી (પિતરાઈ બહેન) સાથેના એકતરફી પ્રેમમાં પાગલ અને 'ના' સાંભળવા તૈયાર ન હોય તેવા એક યુવકે, 1975ની ક્લાસિક ફિલ્મ શોલેમાંથી પ્રેરણા લઈને અહીં એક મોબાઈલ ટાવર પર ચઢી ગયો અને યુવતી સાથે લગ્ન કરવાની માંગ કરી હતી.

પરંતુ શોલેના વીરુ કરતાં વિપરીત, જેની બસંતી સાથે લગ્ન કરવાની ઈચ્છા આ ખતરનાક સ્ટંટ પછી પૂરી થઈ હતી, 23 વર્ષીય રાજુ પાલનું નસીબ એટલું સારું નહોતું. તેને પોલીસે કસ્ટડીમાં લીધો હતો અને કાઉન્સેલિંગ માટે મોકલ્યો હતો.

આ સમગ્ર ઘટના સોમવારે તિલહર પોલીસ સ્ટેશન વિસ્તારના કછિયાની ખેડા ગામમાં બની હતી, જે જોવા માટે મોટી ભીડ એકઠી થઈ ગઈ હતી.

પોલીસે મંગળવારે જણાવ્યું હતું કે, 23 વર્ષીય પાલ, જેણે છેલ્લાં આઠ વર્ષથી તે યુવતીના પ્રેમમાં હોવાનો દાવો કર્યો હતો, તેણે જો તેને લગ્ન કરવા દેવામાં નહીં આવે તો ટાવર પરથી કૂદી જવાની ધમકી આપી હતી.

યુવતીના પરિવારે પાલના લગ્ન પ્રસ્તાવને ફગાવી દીધો હતો. પોલીસે જણાવ્યું કે તેના પરિવારે પણ તેને ક્યારેય સાથ આપ્યો નહોતો. વારંવારના ઇનકારથી ગુસ્સે ભરાયેલો પાલ ટાવર પર ચઢી ગયો, જેના કારણે વિસ્તારમાં ગભરાટ ફેલાયો હતો. ઘટનાની માહિતી મળતાં જ પોલીસની ટીમ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી.

તિલહર સર્કલ ઓફિસર જ્યોતિ યાદવે જણાવ્યું હતું કે, પોલીસ લગભગ સાત કલાક પછી યુવકને સુરક્ષિત રીતે ટાવર પરથી નીચે ઉતારવા માટે મનાવવામાં સફળ રહી હતી.

બંગાળની મતદાર યાદીમાં ભાજપે બહારના લોકોના સમાવ્યાનો મમતાનો આક્ષેપ

મમતા બેનર્જી દ્વારા સીઇસી જ્ઞાનેશ કુમારને પત્ર લખીને ભાજપ પર ગંભીર આક્ષેપો કર્યા

ભાજપ દ્વારા એક જ દિવસમાં અંદાજે 30,000 જેટલા ફોર્મ 6 સબમિટ કરવામાં આવ્યા : ટીએમસી

આવું જ મોડેલ અગાઉ બિહાર, હરિયાણા અને દિલ્હીની ચૂંટણીઓ વખતે પણ જોવા મળ્યું હતું

કોલકાતા, તા. 31 (પીટીઆઈ): તૃણમૂલ કોંગ્રેસ (ટીએમસી)ના વડા મમતા બેનર્જીએ મંગળવારે મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમારને એક કડક પત્ર લખીને ગંભીર આક્ષેપો કર્યા છે. તેમણે દાવો કર્યો છે કે ભાજપ પશ્ચિમ બંગાળની આગામી વિધાનસભા ચૂંટણી પહેલાં ફોર્મ 6નો ઉપયોગ કરીને રાજ્ય બહારના વ્યક્તિઓને ગેરકાયદેસર રીતે મતદાર યાદીમાં સામેલ કરવાનો પ્રયાસ કરી રહ્યો છે.

અભિષેક બેનર્જીએ સોમવારે આક્ષેપ કર્યો હતો કે ભાજપ દ્વારા એક જ દિવસમાં અંદાજે 30,000 જેટલા ફોર્મ 6 સબમિટ કરવામાં આવ્યા છે. મમતા બેનર્જીએ પત્રમાં જણાવ્યું છે કે આ કોઈ સામાન્ય પ્રક્રિયા નથી, પરંતુ બિન-રહેવાસીઓને મતદાર બનાવવાનું એક ષડયંત્ર છે. તેમણે વિનંતી કરી છે કે 28 ફેબ્રુઆરીના રોજ અંતિમ મતદાર યાદી પ્રસિદ્ધ થઈ ગયા પછી આવા કોઈ પણ નવા આવેદનો સ્વીકારવા જોઈએ નહીં. તેમણે વધુમાં ઉમેર્યું કે આવું જ મોડેલ અગાઉ બિહાર, હરિયાણા અને દિલ્હીની ચૂંટણીઓ વખતે પણ જોવા મળ્યું હતું.

મમતા બેનર્જીએ સુપ્રીમ કોર્ટના 20 ફેબ્રુઆરીના આદેશનો હવાલો આપતા કહ્યું કે મતદાર યાદીમાં ફેરફારની તપાસ ન્યાયિક અધિકારીઓ દ્વારા થવી જોઈએ, નહીં કે વહીવટી અધિકારીઓ દ્વારા. તેમણે ચૂંટણી પંચના 27 માર્ચના મેમોને પણ ગેરકાયદેસર ગણાવ્યો છે, જે ઉમેદવારી પત્ર ભરવાના છેલ્લા દિવસ સુધી નામ ઉમેરવાની છૂટ આપે છે.

પશ્ચિમ મેદિનીપુરની એક રેલીમાં તેમણે ચેતવણી આપી હતી કે જો ભાજપ બહારના મતદારોને ઘુસાડવાનો પ્રયાસ કરશે, તો બંગાળની જનતા તેનો વિરોધ કરશે. જોકે, તેમણે એમ પણ કહ્યું કે તેમને ચૂંટણી પંચ પાસેથી કોઈ જવાબની અપેક્ષા નથી કારણ કે પંચની કામગીરી નિષ્પક્ષ રહી નથી.

એશિયામાં રશિયન ક્રૂડ ઓઈલ મેળવવા માટે દેશો વચ્ચે પડાપડી

ભારત, ચીન ઉપરાંત હવે ફિલિપાઈન્સ, ઈન્ડોનેશિયા, થાઈલેન્ડ અને વિયેતનામ જેવા દેશો પણ રશિયન તેલ ખરીદી રહ્યા છે

રશિયાની પોતાની નિકાસ ક્ષમતા પર યુક્રેન સાથેના યુદ્ધ અને ડ્રોન હુમલાઓને કારણે મર્યાદા આવી ગઈ છે

બેંગકોક, તા. 31 (એપી): અમેરિકા-ઈઝરાયેલ અને ઈરાન વચ્ચેના એક મહિનાથી ચાલી રહેલા યુદ્ધે વિશ્વના તેલ પુરવઠાનો પાંચમો ભાગ રોકી દીધો છે, જેના કારણે એશિયાઈ દેશોમાં ઉર્જા સંકટ ઘેરું બન્યું છે. હોર્મુઝની સામુદ્રધુની બંધ થવાને કારણે એશિયા તરફ આવતો તેલનો પુરવઠો ખોરવાયો છે. આ સ્થિતિમાં વૈશ્વિક પુરવઠો જાળવી રાખવા અમેરિકાએ રશિયન તેલ પરના પ્રતિબંધોમાં હળવાશ આપી છે, જેનો લાભ લેવા હવે એશિયાઈ દેશોમાં સ્પર્ધા જામી છે. અત્યાર સુધી ચીન, ભારત અને તુર્કી રશિયન તેલના મુખ્ય ગ્રાહકો હતા. પરંતુ હવે ફિલિપાઈન્સ, ઈન્ડોનેશિયા, થાઈલેન્ડ અને વિયેતનામ જેવા દેશોએ પણ રશિયન તેલમાં રસ દાખવ્યો છે. ફિલિપાઈન્સે પાંચ વર્ષમાં પ્રથમવાર રશિયન ક્રૂડની આયાત કરી છે, કારણ કે ત્યાં પેટ્રોલ પંપો પર લાંબી કતારો જોવા મળી રહી છે. નિષ્ણાતોના મતે ફિલીપાઈન્સની સ્થિતિ દક્ષિણ એશિયા માટે ચેતવણી સમાન છે.

વિયેતનામ અને ઈન્ડોનેશિયા પણ પોતાના રિઝર્વ વધારવા માટે રશિયા સાથે સહયોગ કરી રહ્યા છે. જોકે, રશિયાની પોતાની નિકાસ ક્ષમતા પર યુક્રેન સાથેના યુદ્ધ અને ડ્રોન હુમલાઓને કારણે મર્યાદા આવી ગઈ છે. નિષ્ણાતો માને છે કે આવનારા દિવસોમાં એશિયન દેશો પાસે તેલ આયતની તકો અને વિકલ્પ ઓછા થઈ જશે.

ભારત અને ચીનનો દબદબો

ભારત અને ચીન પાસે રશિયન તેલના જૂના ગ્રાહક હોવાનો મોટો ફાયદો છે. ભારતે અમેરિકી પ્રતિબંધોમાં મળેલી વહેલી છૂટનો લાભ ઉઠાવીને રશિયા પાસેથી તેલના મોટા કાર્ગો પહેલેથી જ બુક કરી લીધા છે. માર્ચમાં ભારતની રશિયન તેલની આયાત વધીને રોજના 19 લાખ બેરલ પર પહોંચી ગઈ છે, જે ઈરાન યુદ્ધ પહેલા 10 લાખ બેરલ હતી. તેમ છતાં, ઉનાળામાં વધતી માગ અને મધ્ય પૂર્વથી મળતા તેલમાં પડેલી ખોટને પૂરી કરવી ભારત માટે હજુ પણ એક પડકાર છે. ભારતને રોજની જરૂરિયાત આશરે 5.5 મિલિયનથી 6 મિલિયન બેરેલ ઓઈલની છે.

નિષ્ણાતોના મતે, આ કટોકટીમાં રશિયા સૌથી મોટું વિજેતા બનીને ઉભર્યું છે. એશિયાઈ દેશો અત્યારે નૈતિકતા કરતા પોતાની 'ઉર્જા સુરક્ષા'ને વધુ પ્રાધાન્ય આપી રહ્યા છે અને ગમે તે ભોગે તેલનો પુરવઠો સુનિશ્ચિત કરવા માગે છે.

હોર્મુઝ ખોલ્યા વિના ટ્રમ્પ યુદ્ધનો અંત લાવવા માગે છે : વૉલ સ્ટ્રીટ જર્નલ

હોર્મુઝની ખાડીનો માર્ગ ખોલવા માટે બાદમાં ઇરાન પર રાજદ્વારી દબાણ લાવવાની વિચારણા

ઇરાન યુદ્ધના ખર્ચમાં સાથી આરબ દેશોને પણ ફાળો આપવાનું કહેવામાં આવી શકે છે

વોશિંગ્ટન, તા. 31(PTI): વોલ સ્ટ્રીટ જર્નલના અહેવાલ મુજબ, વહીવટી અધિકારીઓને ટાંકીને જણાવવામાં આવ્યું છે કે યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે તેમના સહાયકોને કહ્યું છે કે જો હોર્મુઝની સામુદ્રધુની મોટાભાગે બંધ રહે તો પણ તેઓ ઈરાન સામેનું સૈન્ય અભિયાન સમાપ્ત કરવા તૈયાર છે, અને તેને ફરીથી ખોલવાનું અભિયાન પછીની તારીખ પર છોડી દેશે.

તાજેતરના દિવસોમાં, ટ્રમ્પ અને તેમના સહાયકોએ મૂલ્યાંકન કર્યું હતું કે આ મહત્વપૂર્ણ જળમાર્ગને બળપૂર્વક ખોલવાનું મિશન સંઘર્ષને તેમના ચારથી છ અઠવાડિયાના સમયગાળા કરતા આગળ ખેંચી જશે, તેમ દૈનિક અહેવાલમાં જણાવાયું હતું. અહેવાલ મુજબ, ટ્રમ્પે નક્કી કર્યું છે કે અમેરિકાએ ઈરાનની નૌકાદળ અને તેના મિસાઈલ ભંડારને નબળા પાડવાના તેના મુખ્ય લક્ષ્યો હાંસલ કરવા જોઈએ અને વેપારના મુક્ત પ્રવાહને ફરી શરૂ કરવા માટે તેહરાન પર રાજદ્વારી દબાણ લાવતી વખતે વર્તમાન શત્રુતાને ઓછી કરવી જોઈએ.

WSJ એ અધિકારીઓને ટાંકીને જણાવ્યું હતું કે, જો તે નિષ્ફળ જશે, તો વોશિંગ્ટન યુરોપ અને ગલ્ફમાં રહેલા સાથી દેશો પર સામુદ્રધુની ફરીથી ખોલવા માટે નેતૃત્વ લેવા દબાણ કરશે.

સોમવારે મીડિયા બ્રીફિંગમાં વ્હાઇટ હાઉસના પ્રેસ સેક્રેટરી કેરોલિન લેવિટે જણાવ્યું હતું કે રાષ્ટ્રપતિ અને પેન્ટાગોનના વડાએ હંમેશા સૈન્ય કાર્યવાહી માટે ચારથી છ અઠવાડિયાનો અંદાજિત સમયગાળો જણાવ્યો છે. લેવિટે એવો પણ સંકેત આપ્યો હતો કે ઈરાનમાં ચાલી રહેલા સૈન્ય અભિયાનનો બોજ વહેંચવા માટે આરબ દેશોને કહેવામાં આવી શકે છે.

અવકાશમાં કચરો સાફ કરવા માટે બે ભારતીય સ્ટાર્ટઅપ્સ વચ્ચે જોડાણ

બંને કંપની અવકાશમાં નિષ્ક્રિય થયેલા ઉપગ્રહો અને માનવ નિર્મિત કચરાને દૂર કરવાની ટેકનોલોજી વિકસાવશે

પિક્સેલ તેના આગામી મિશન માટે કોસમોસર્વને સેટેલાઇટ પ્લેટફોર્મ પૂરું પાડશે

નવી દિલ્હી, તા. 31 (પીટીઆઈ): અવકાશમાં નિષ્ક્રિય થયેલા ઉપગ્રહો અને માનવ નિર્મિત કચરાને દૂર કરવાની ટેકનોલોજી વિકસાવવા માટે ભારતના બે અગ્રણી સ્પેસ સ્ટાર્ટઅપ્સે હાથ મિલાવ્યા છે. બેંગલુરુ સ્થિત સ્પેસક્રાફ્ટ ઉત્પાદક પિક્સેલ અને હૈદરાબાદ સ્થિત કોસ્મોસર્વ વચ્ચે મંગળવારે આ ભાગીદારીની જાહેરાત કરવામાં આવી હતી. આ જોડાણ હેઠળ, પિક્સેલ તેના આગામી મિશન માટે કોસમોસર્વને 'સેટેલાઇટ બસ' (સેટેલાઇટ પ્લેટફોર્મ) પૂરી પાડશે.

સેટેલાઇટ બસ એ ઉપગ્રહનો મુખ્ય ભાગ છે જે મિશનના ઉદ્દેશ્યો પૂરા કરવા માટે જરૂરી સેવાઓ પૂરી પાડે છે. કોસ્મોસર્વ આ પ્લેટફોર્મ પર પોતાની માલિકીની 'ડેબ્રિસ કેપ્ચર' (કચરો પકડવાની) અને રિમૂવલ સિસ્ટમનું પરીક્ષણ કરશે. પિક્સેલના સીઈઓ અવૈસ અહેમદે જણાવ્યું હતું કે, જવાબદારીપૂર્વક અવકાશનો ઉપયોગ કરવા માટે આ કચરો સાફ કરવો જરૂરી છે. કોસ્મોસર્વના સીઈઓ ડો. ચિરંજીવી ફણીદ્ર બી.એ પિક્સેલના એન્જિનિયરિંગ કૌશલ્ય પર વિશ્વાસ વ્યક્ત કરતા કહ્યું કે આ ભાગીદારીથી મિશનની સફળતાની શક્યતા વધી જશે.

એપ્રિલથી જૂનમાં ભારતના અનેક ભાગોમાં સામાન્ય કરતાં વધુ ગરમી રહેશે

નવી દિલ્હી, તા. ૩૧(પીટીઆઈ): ભારતીય હવામાન વિભાગ(IMD)એ મંગળવારે તેના માસિક પૂર્વાનુમાનમાં જણાવ્યું છે કે, એપ્રિલથી જૂન દરમિયાન પૂર્વ, મધ્ય અને ઉત્તર-પશ્ચિમ ભારતના કેટલાક ભાગોમાં, તેમજ દક્ષિણ-પૂર્વ દ્વીપકલ્પમાં સામાન્ય કરતાં વધુ ગરમીના મોજાના દિવસો જોવા મળી શકે છે.

આ મહિનાઓ દરમિયાન, દેશના મોટાભાગના ભાગોમાં મહત્તમ તાપમાન સામાન્ય અથવા સામાન્યથી ઓછું રહેવાની ધારણા છે, સિવાય કે પૂર્વ અને ઉત્તર-પૂર્વ ભારતના મોટાભાગના વિસ્તારો અને મધ્ય ભારતના પૂર્વીય ભાગો અને તેની આસપાસના દ્વીપકલ્પના પ્રદેશોમાં મહત્તમ તાપમાન સામાન્યથી વધુ રહેવાની શક્યતા છે.

IMDએ જણાવ્યું હતું કે, ઉનાળાની ઋતુ (એપ્રિલ-મે-જૂન) દરમિયાન, મહારાષ્ટ્ર અને તેલંગાણાના કેટલાક પ્રદેશોને બાદ કરતાં દેશના મોટાભાગના ભાગોમાં લઘુત્તમ તાપમાન સામાન્યથી વધુ રહેવાની સંભાવના છે, મહારાષ્ટ્ર, તેલંગાણાના કેટલાક ભાગોમાં સામાન્યથી ઓછું લઘુત્તમ તાપમાન રહેવાની શક્યતા છે.